મોબાઈલ ૯૮૨૫૪૭૩૬૬૫

આપની આજ

- ભાવેશ એન પટ્ટણી

Email:- info@BhaveshNPattni.com
Website:- www.BhaveshNPattni.com

આજનું પંચાંગ

ઉદિત તિથિ	શુક્લ પક્ષ દ્વાદશી બપોરે ૧૨:૫૪ સુધી, ત્યાર બાદ ત્રયોદશી
વાર	બુધ
નક્ષત્ર	પૂર્વ ભાદ્રપદ સવારે ૯:૧૧ સુધી, ત્યાર બાદ ઉત્તર ભાદ્રપદ
કરણ	બાલવ બપોરે ૧૨:૫૪ સુધી, ત્યાર બાદ કૌલવ તા. ૨૯ ના ૨:૦૩ સુધી, પછી તૈતિલ
યોગ	વ્યાઘાત તા. ૨૯ના ૧:૫૦ મિનીટ સુધી, ત્યાર બાદ હર્ષણ
આજની રાશિ	મીન
રાશિના અક્ષરો	દ. ચ. ઝ. થ.

આજનું રાશિ ફળ (જન્મની ચંદ્ર રાશિ મુજબ)

મેષ (અ. લ. ઈ.)
આજે મોજ કરવાનો દિવસ નથી. કામ કરવાનો દિવસ છે. ઓફિસે પણ વ્યસ્ત રહેશો અને ઘરે પણ. આજના દિવસે શું આયોજન કરવું અને કેમ કરવું તે સૂઝ નહીં પડે. કોઈની સલાહ લેશો તો સારું રહેશે. ઉતાવળ ન કરશો કેમ કે આજે આપની શક્તિઓ સંતુલિત નથી. બહારગામ જવાનો પ્લાન? – ચોક્કસ બનાવાય.

વૃષભ (બ. વ. ઉ.)
ભાઈબંધ અને બહેનપણીઓ સાથે સંપર્ક થવાથી કે મુલાકાત થવાથી આનંદમાં અભિવૃદ્ધિ થાય. આજે વિચારશો તેવું થઇ શકશે. આજનો દિવસ આર્થિક લાભનો છે. એ આનંદ વહેંચવા માટે મિત્રોથી સારો વિકલ્પ બીજો કયો હોઈ શકે? આજે મિત્રોની મદદથી ઉન્નતિ થાય પણ બદલામાં, આપ પણ તેમના માટે જતું કરજો અથવા તેમને સહાયરૂપ થજો.

મિથુન (ક. છ. ઘ)
કારકિર્દી માટે આજનો દિવસ અદ્ભૂત છે. બોસ સાથે કે મેનેજમેન્ટ સાથેના સંબંધોમાં આપનું થોડુંક કોમ્પ્રોમાઈઝ પણ આપને કાર્યક્ષેત્રમાં એક નવા જ સ્તર પર લઈ જઈ શકે છે. જેટલી સભાનતા અને સ્પષ્ટતા વધારે, તેટલો વધુ ફાયદો. આપની પ્રોફેશનલ ઈમ્પ્રેશન સારી પડશે. પિતાથી પણ લાભ થાય.

કર્ક (ડ. હ.)
આજે સરસ રીતે કામોની પૂર્ણાહુતિ થઈ શકે. નવા કાર્યો શરુ પણ થઈ શકે. ભાગ્ય આપની તરફેણમાં હોવાથી આજે નવાં કાર્યો શરુ પણ કરી જ શકાય. જે લોકો લાંબા અંતરની મુસાફરી કરવા ઈચ્છે છે તે લોકોને સલાહ છે કે આજે મુસાફરી શરુ ન કરવી, તબિયત જોખમાવાની સંભાવના વધી જશે. આજે દિલથી વિચારવાના છો આપ, દિમાગથી નહીં. કોઈ આપનો લાભ લઈ જાય તેવું બને.

સિંહ (મ. ટ.)
આજનો દિવસ અસમંજસથી ભરેલો હોઈ શકે. આપને સામાન્યતઃ દુવિધા નથી થતી, પણ આજે કોઈ બાબતે દ્વિધા થવાની સંભાવના ખરી. પરણિત લોકોએ સાસરી પક્ષ સાથે વિવાદમાં ન ઉતરવું. કુંવારા લોકોને કોઈના સંગાથની ઝંખના થશે પણ જે કોઈ સંગાથ મળશે તે હંગામી હશે, કાયમી નહીં. નવા સંબંધો બાંધવા/શરુ કરવા માટે આજનો દિવસ સારો નથી, પણ હા – જુના સંબંધો સાચવજો રે લોલ.

કન્યા (પ. ઠ. ણ)
જો જતું કરશો, તો સુખી રહેશો. જો વાતને વળગી રહેશો, તો દુઃખી થશો અને દુઃખી કરશો. આજે બીજો માટે જીવી જુઓ. પરિવાર કે જીવનસાથી અથવા મિત્રો માટે સમય ફાળવો, એમને ખુશ કરો. નોકરી ધંધો તો ચાલ્યા જ કરશે, આજીવન પરંતુ 'આ-જીવનલ્લ માત્ર નોકરી ધંધા માટે નથી. માણવા માટે પણ છે. નોકરી એ એક ડાયમેન્શન છે, એક માત્ર આયામ નથી. સમજશો, તો આચરણમાં પણ મુકી શકશો.

તુલા (ર. ત.)
ધ્યાનથી વાંચજો. આજે ખુબ કન્ફ્યુઝન થવાનું છે. નોકરી હોય કે અંગત જીવન હોય – ઠોસ નિર્ણય ઉપર નહીં જ પહોંચી શકાય, તેથી, અગત્યના કામો ટાળો. આજે સેવા કરવાનું આવશે. નિષ્કામ અને નિરપેક્ષિત સેવા કરી શકો તો જ કરજો. અપેક્ષા રાખો, તો માત્ર આશિર્વાદ, ગુડવિલ અને પુણ્યની રાખજો. આજના દિવસે કળા – આર્ટ – રિલેકસેશન માટેનું માધ્યમ કે સાધન બની રહેશે.

વૃશ્ચિક (ન. ય.)
આજે નવું જાણશો, વધુ રચનાત્મક અને હકારાત્મક બનશો. કાર્યસ્થળ પર આપનો પ્રભાવ સારો પડશે પણ પ્રભાવનો અડધો આધાર સ્વભાવ પર હોય છે એટલે લોકો સાથે સારાં સંબંધ પણ રાખજો, હોં ને ? આજના દિવસે નવું સંશોધન થઈ શકે. જે વિદ્યાર્થીઓ અભ્યાસમાં અટવાયેલા હોય તેમને સાચો માર્ગ – સાચી દિશા મળે. આજનો દિવસ પ્રેમી-પંખીડાઓની તરફેણમાં છે.

ધન (ભ. ફ. ધ. ઢ)
આજે બધું બેવડાશે. પ્રેમ, ધન, કાર્યભાર અને ઘટનાઓ. આજના દિવસે બનતી ઘટનાઓ કાં તો પહેલાં બની ચુકી હશે અથવા ભવિષ્યમાં આવી જ ઘટના બનશે. આપને 'દેઝા-વુલ્લ પણ થાય, એટલે કે 'આ ઘટના પહેલાં બની છે, અહીં મારી આ પહેલાં વિઝીટ થયેલી છેલ્લ એવો આભાસ પણ થાય. બાકી આજનો દિવસ ક્રિએટિવ કામોમાં પસાર થાય. આપ પેમેન્ટમાં બાંધછોડ કરશો. નફો નહીં, સંતોષ જોશો.

મકર (ખ. જ.)
આજના દિવસની ઊર્જા, આપની ઊર્જા સાથે બહુ તાલમેલમાં નથી. એવું લાગશે કે જાણે જીવનમાં જે કશું ય પામવું છે તે બધું જ હળવે હળવે થઈ રહ્યું છે. બહુ જ આડખીલીઓ પછી, છેવટે કામ થાય છે. ભાઈ/બહેન, આજે આવા વિચારો કરવાની બદલે ભવિષ્યનું આયોજન કરો. ટૂંકા ભવિષ્યના આયોજનમાં સમય આપો અને પછી તમે કહેશો 'ભાવેશભાઈ, આપની વાત સાચી હતીલ્લ

કુંભ (ગ. શ. સ.)
આજના દિવસે આપ આજ વિષે નહીં, ભવિષ્ય વિષે વિચારશો. એ રીતે પૈસાનું પ્લાનિંગ કરશો. એ રીતે કામ કરશો. એ રીતે સંબંધો વિકસાવશો. દૂરંદેશી આપને કામ લાગશે. આજે વિશેષ લગાવ એ વસ્તુઓ પરત્વે રહેશે, જે વસ્તુઓ ખોવાઈ ગઈ છે. એ સંબંધો વધુ યાદ આવશે, જે ઢંકાઈ ગયાં છે. ભવિષ્ય આપના હાથમાં છે, ક્ષણો ખોવાઈ જાય, એ પહેલાં પોતાની કરી લ્યો.

મીન (દ. ચ. ઝ. થ)
આજનો દિવસ મનની ઈચ્છા મુજબ કામ કરી શકશો. પરંતુ અનિર્ણયાત્મક અભિગમના લીધે, ઘણાં મહત્વનાં કાર્યોને અંજામ નહીં આપી શકો. તો બીજી તરફ, આજે રચનાત્મકતામાં ચાર ચાંદ લાગવાના હોવાથી, કોઈ પણ ક્રિએટિવ કામ કરશો, તો નિખરી ઉઠશે. બહારગામ જવું છે? કરો લોકોને તૈયાર અને કરો બેગ પેક. સંઘ ઉપડી શકે છે, ટૂંક સમયમાં – જો જો રહી ન જતાં.

૨૪ કલાકમાં નવા ૯૯૨ કેસ

રાજ્યમાં કોરોનાથી કુલ ૫ લોકોનાં મૃત્યુ થયા : અત્યાર સુધીમાં કુલ ૫૮૪૫૭૧૫ ટેસ્ટ કરવામાં આવ્યા તેમજ ૧૫૧૮૮૮ લોકો સાજા થતા ડિસ્ચાર્જ કરાયા હતા

ગાંધીનગર,તા.૨૭

૨૪ કલાકમાં રાજ્યમાં કોરોનાના કુલ ૫૧,૯૨૭ ટેસ્ટ કરવામાં આવ્યાં હતાં. જેથી કુલ ટેસ્ટનો આંકડો પણ ૫૮,૪૫,૭૧૫ થયો છે. રાજ્યમાં ૯૯૨ નવા દર્દીઓ સામે ૧૨૩૮ દર્દીઓ સ્વસ્થ થયા છે. જેથી સ્વસ્થ દર્દીઓનો આંકડો પણ ૧,૫૧,૮૮૮ એ પહોંચ્યો છે. રાજ્યની વસ્તીને ધ્યાનમાં લેતા દસ લાખની વસ્તી સામે પ્રતિ દિવસે ૭૯૮.૮૮ ટેસ્ટ થાય છે.

રાજ્યના જુદા જુદા જિલ્લાઓમાં આજની તારીખે કુલ ૫,૨૨,૭૧૯ વ્યક્તિઓને ક્વોરન્ટીન કરવામાં આવ્યાં છે. જે પૈકી ૫,૨૨,૫૦૨ વ્યક્તિઓ હોમ ક્વોરન્ટીનમાં છે અને ૨૧૭ વ્યક્તિઓને ફેસિલિટી ક્વોરન્ટીનમાં રાખવામાં આવ્યાં છે. આ ઉપરાંત રાજ્યમાં કુલ ૧૩૪૮૭ એક્ટિવ કેસ છે. જેમાંથી ૬૪ દર્દીઓને વેન્ટિલેટર સપોર્ટ પર રાખવામાં આવ્યાં છે. જ્યારે ૧૩૪૨૩ની સ્થિતિ સ્ટેબલ છે.રાજ્યમાં કોરોના વાયરસનો કહેર વધી રહ્યો છે.

રાજ્યમાં કોવિડ ૧૯ના કારણે ૨૪ કલાકમાં વધુ ૫ દર્દીઓએ પોતાનો જીવ ગુમાવ્યો હતો. જેમાં સુરત કોર્પોરેશનમાં ૧, અમદાવાદ કોર્પોરેશનમાં ૨, ગાંધીનગર અને ગાંધીનગર કોર્પોરેશનમાં ૧-૧ મોત નીપજ્યાં છે. જેથી હવે રાજ્યમાં કોરોનાની મહામારીને કારણે કુલ મૃત્યુઆંક પણ ૩૬૯૮ થયો છે.

ભારતમાં ૧૦૧ દિવસ પછી કોરોનાના સૌથી ઓછા કેસ નોંધાયા છે. જેનાથી આશાનું કિરણ જોવા મળ્યું છે. સોમવારે ભારતમાં કોરોનાના ૩૬,૬૦૪ નવા કેસ સામે આવ્યા હતાં. જે ગત ૩ મહિનામાં સૌથી ઓછા છે. આ પહેલા ૧૭ જુલાઈએ ૩૫,૦૬૫ નવા કેસ સામે આવ્યા હતાં. ૨૪ કલાકમાં ભારતમાં કોરોનાનો સૌથી વધુ પ્રકોપ કેરળમાં જોવા મળ્યો હતો જ્યાં ૪૨૮૭ કેસ નોંધાયા હતાં તો ગુજરાતમાં પણ ૨૪ કલાકમાં ૯૯૨ કેસ નોંધાતા કુલ આંકડો ૧૬૯૦૭૩એ પહોંચ્યો છે.

ચિલોડા ગામને પરંપરાગત રીતે સુતરના દોરાથી અને દૂધની ધારાવટ આપી

નવરાત્રી પર્વમાં દશેરાના દિવસે વર્ષો જૂની પરંપરાગત મુજબ ગાંધીનગર તાલુકાના ચિલોડા ગામમાં મોડી રાત્રે મહાકાળી માતાજીના મંદિરથી માતાજીનો રથ વાજતેગાજતે માઈ ભક્તો દ્વારા નિકળ્યો હતો. ત્યારે રથની વાજતે ગાજતે ગામના સિમાડે વિદાય આપી હતી. સાથો સાથ આખા ગામની પ્રદક્ષિણા કરીને ગામને સુતરના દોરાથી અને માટીની માટલીમાં દૂધની ધારાવટ આપીને ગામને રોગચાળો કે કુદરતી આપત્તિ તથા વર્તમાન કોરાના વાયરસથી મુક્ત રહે અને રક્ષિત કરી માતાજીની પ્રાર્થના કરી હતી. આ કાર્યક્રમમાં માઈભક્તો તેમજ દેવીપૂજકો જોડાયા હતા. દશેરાના દિવસે માતાજીના મંદિરે આઠમનું હવન કરવામાં આવ્યુ હતુ. ગામમાં ગ્રામજનો અને પશુઓ હરહંમેશ રોગમુક્ત રહે તેવી શ્રદ્ધાપૂર્વક કાર્યક્રમ યોજાયો હતો.

ગુજરાત દિપોત્સવી અંકનું વિમોચન

કોરોનાનાં સમયમાં શબ્દ અને સાહિત્યના સથવારે દિપોત્સવીની મંગલ કામનાઓ જ્ઞાનના પ્રકાશને વધુ પ્રજ્જવલિત કરાશે

ગાંધીનગર,તા.૨૭

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાત દિપોત્સવી અંક ૨૦૭૬નું આજે વિમોચન કરતાં જણાવ્યું હતું કે કોરોના મહામારીના સમયમાં શબ્દ અને સાહિત્યના સથવારે દિપોત્સવીની મંગલ કામનાઓ જ્ઞાનના પ્રકાશને વધુ પ્રજ્જવલિત કરશે. નવા વર્ષે નવા જોશ, અને હોશ સાથે કોરોનાની મહામારી સામે જીવનના ઉત્કર્ષના દ્વાર ખોલીને આપણે સૌએ આગળ વધવાનું છે.

દિપાવલીનું પર્વ જ્ઞાનના પ્રકાશ અને વિકાસના સમન્વયનો અદકેરો અવસર છે. સોશિયલ ડિસ્ટન્સીંગ, માસ્ક અને સેનિટાઈઝેશન સાથે આપણે સૌ ગુજરાતી બાંધવોએ કોરોનાને હરાવી, જ્ઞાનના પ્રકાશની જ્યોત પ્રગટાવીને દેશ, રાજ્ય અને સમાજને ઉજળા કરવાનો સાચા હૃદયથી પ્રયાસ કરીએ એમ તેમણે ઉમેર્યું હતું.

મુખ્યમંત્રીના સચિવ અને માહિતી પ્રસારણ વિભાગના સચિવ અશ્વિનીકુમારે દિપોત્સવી અંક વિશે જણાવ્યું હતું કે પ્રતિવર્ષની આગવી પરંપરા મુજબ ગુજરાતના સાહિત્ય, કલા, ઈતિહાસ, સાંસ્કૃતિક વિરાસત અને સંસ્કાર વારસાને ગુજરાત દિપોત્સવી અંકના માધ્યમથી પ્રસ્તુત કરવામાં આવે છે. ગુણવંતભઈ શાહ, વિષ્ણુ પંડ્યા, જોરાવરસિંહ જાદવ, મહંમદ માંકડ, રઘુવીરભાઈ ચૌધરી, માધવ રામાનુજ, કુમારપાળ દેસાઈ, રાજેન્દ્ર શુક્લ વગેરે જેવા લબ્ધપ્રતિષ્ઠિત સાહિત્યકારોની સર્જનશીલ કલમે લખાયેલી સાહિત્યકૃતિઓ દિપોત્સવી અંકમાં પ્રસ્તુત કરવામાં આવી છે. ૩૦ અભ્યાસ લેખો, ૩૫ નવલિકાઓ, ૧૯ વિનોદિકાઓ, ૮ નાટિકાઓ અને ૧૦૮ જેટલી કાવ્યરચનાઓ ગુજરાત દિપોત્સવીના દળદાર અંકમાં સમાવિષ્ટ કરવામાં આવી છે. આની સાથો સાથ ગુજરાતનું લોકજીવન, કુદરતી સૌંદર્ય, માનવ સંવેદનાઓને અભિવ્યક્ત કરતી ૬૪ જેટલી રંગીન તસવીરો ગુજરાત દિપોત્સવી અંકને વધુ આકર્ષક બનાવે છે એમ તેમણે ઉમેર્યું હતું.

આ પ્રસંગે અધિક મુખ્ય સચિવ એમ. કે. દાસ, અધિક માહિતી નિયામક સર્વ અરવિંદભાઈ પટેલ, પુલકભાઈ ત્રિવેદી, નાયબ માહિતી નિયામક જગદીશ આચાર્ય વગેરે ઉપસ્થિત રહ્યાં હતા.

મોરબીના વરમૌરા ગૃપના બે નવા પ્લાન્ટના ઈ-ભૂમિપૂજન

મોરબીના સિરામીક ઉદ્યોગોએ ચાયનાને હંફાવીને વર્લ્ડ સિરામીક માર્કેટમાં કબજો મેળવ્યો છે : મુખ્યમંત્રી રૂપાણી

ગાંધીનગર,તા.૨૭

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ જણાવ્યું કે, સિરામીક ઉદ્યોગો લો કોસ્ટ ઉત્પાદનથી વર્લ્ડ માર્કેટમાં કોમ્પીટ સ્પર્ધા કરીને વધુ એકસપોર્ટ દ્વારા આત્મનિર્ભર ભારતની પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની નેમ પાર પાડે તે અતિ મહત્વનું છે.આ સંદર્ભમાં તેમણે કહ્યું કે, મોરબીના સિરામીક ઉદ્યોગોને ઈન્ફ્રાસ્ટ્રચર ડેવલપમેન્ટ સહિતની સુવિધાઓ વિકસાવવા અને લો-કોસ્ટ ઉત્પાદન માટે આવશ્યક સહયોગ આપવાની રાજ્ય સરકારની નેમ પણ છે. મુખ્યમંત્રીએ રાજ્ય સરકારે તાજેતરમાં સિરામીક ઈન્ડસ્ટ્રીઝ માટે ઝ્રદ્ગ ગેસના ભાવમાં ૪ રૂપિયા સુધીનો ઘટાડો કર્યો છે તેની પણ વિગતો આપી હતી.મુખ્યમંત્રીએ સિરામીક ઉદ્યોગની અગ્રગણ્ય વરમૌરા ગૃપના બે નવા પ્લાન્ટનું ગાંધીનગરથી વિડીયો કોન્ફરન્સ દ્વારા ઈ-ખાતમૂર્હત સંપન્ન કર્યુ હતું. મુખ્યમંત્રીએ કહ્યું કે, આજનો યુગ કોમ્પીટીશનનો સ્પર્ધાનો યુગ છે. ગુગલને કારણે દુનિયા પણ નાની બનતી જાય છે ત્યારે વિશ્વ સાથે બરોબરીમાં કોમ્પીટ કરવા સમયની સાથે પરિવર્તનો પણ આવશ્યક છે. સિરામીક ઉદ્યોગોએ સૂઝબૂઝની પોતાની આગવી ખૂમારીથી સ્વબળે નવી ટેકનીક વિકસાવી ઉદ્યોગ-ધંધાનો વ્યાપ વિસ્તાર્યો છે.

ખાસ કરીને મોરબીના સિરામીક ઉદ્યોગે ચાયનાને હંફાવીને વર્લ્ડ સિરામીક માર્કેટમાં પોતાની આગવી ઈમેજ ઊભી કરી છે-કબજો મેળવ્યો છે તે માટે મુખ્યમંત્રીએ અભિનંદન આપ્યા હતા.વિજય રૂપાણીએ સૌરાષ્ટ્ર અને મોરબીના સ્જીસ્ઈ એકમો તેમાંય સિરામીક ઉદ્યોગો સંપૂર્ણ સ્વનિર્ભર છે. એટલું જ નહિ, આનુષાંગિક ઉદ્યોગો દ્વારા અનેક લોકોને રોજગારી પણ પૂરી પાડે છે તેની ભૂમિકા આપી ખ્યાતિ મેળવી છે. તેમણે આજથી દોઢ દાયકા ૧૫ વર્ષ પહેલાં મોરબીની સ્થિતી કરતાં વર્તમાન સ્થિતી સુદ્રઢ બની છે તેનો ઉલ્લેખ કરતાં કહ્યું કે, ઘડિયાળ ઉદ્યોગ, નળિયા ઉદ્યોગ પછી હવે સિરામીક ઉદ્યોગથી મોરબીએ ચાયનાથી વધુ લોકલ ઈન્ડસ્ટ્રીઝ અને એન્સીલીયરીઝ અહિં ડેવલપ કરી છે.મુખ્યમંત્રીએ વરમૌરા ગૃપના આ નવા પ્લાન્ટને શુભેચ્છાઓ આપતાં જણાવ્યું કે, મોરબીથી ૧૪ હજાર કરોડનું એકસપોર્ટ થાય છે. હવે આપણે પાયામાંથી જ ઈન્ફ્રાસ્ટ્રકચર એવું મજબૂત કરવું છે કે, સિરામીક ઈન્ડસ્ટ્રીઝમાં ચાયનાને બદલે લોકો મોરબી જોવા આવે.

૧૮ નવા કેસ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પુરૂષ અને ૮૦ વર્ષીય વૃદ્ધનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ઉપરાંત ૭૭ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ત્રણેય દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. સે. ૨ માંથી પણ આજે બે કેસ મળી આવ્યા છે. ખાનગી હોસ્પિટલમાં રિસેપ્સનીસ્ટ તરીકે ફરજો બજાવતી ૪૦ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેણીનીને સારવાર માટે એસ.વી.પી.માં દાખલ કરવામાં આવેલ છે. આ ઉપરાંત એક ૬૦ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેણીનીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. સે. ૭ માં રહી અભ્યાસ કરતા ૨૩ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે તેણે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. જીઈબી થર્મલ પાવર સ્ટેશનમાં ફરજો બજાવતા ૫૩ વર્ષીય કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેણે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. સે. ૨૪ માંથી આજે બે કેસ મળી આવ્યા છે.

૩૭ વર્ષીય શિક્ષિકા તેમજ ૬૧ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવતાં આ બન્ને મહિલા દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. સે. ૩-એ-ન્યુમાંથી ૬૦ નિવૃત્ત કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેમણે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. સે. ૨૩ માં રહેતા અને કડી સર્વ વિદ્યાલયમાં આવેલ લલિત કલા એકેડમીમાં સેવક તરીકે ફરજો બજાવતા ૩૬ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે જેને સારવાર માટે સિવિલમાં દાખલ કરવામાં આવેલ છે. સે. ૧૩ માંથી આજે બે કેસ મળી આવેલ છે. ૨૪ વર્ષીય વિદ્યાર્થીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

આ ઉપરાંત સે. ૧૩ માં રહેતા ભારતીય કોસ્ટગાર્ડમાં ફરજો બજાવતા ૫૧ વર્ષીય જવાનનો રિપોર્ટ પોઝીટીવ આવતાં સારવાર માટે મિલીટ્રી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. સામાન્ય વહિવટ વિભાગના આયોજન પ્રભાગમાં સેકશન અધિકારી તરીકે ફરજો બજાવતા અને સે. ૩૦ માં રહેતા ૩૪ વર્ષીય અધિકારીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. અધિકારીએ પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. શહેરમાં આજે ૨૧૬ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. આજે વધુ ૧૯ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આ સાથે શહેરમાં ૧૫૭૨ લોકો કોરોનામુક્ત થયા છે. શહેરમાં આજે વધુ ૪૧૫ લોકોને ક્વોરોન્ટાઈન હેઠળ મુકવામાં આવેલ છે.

પિકઅપ બસ સ્ટેન્ડ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મ્યુનિ. કમિશનર, ડેપ્યુટી કમિશનર અને સિટી એન્જિનિયરને જણાવાયું હતું. વહીવટી તંત્ર તરફથી દરેક વ્યક્તિ હાજર હતી , પરંતુ મ્યુનિ.ના બંને હોદ્દેદારો ગેરહાજર હતા. એક સમયે પૂર્વ ચેરમેનના જૂથના ગણાતા અને હાલ મેયરના ખાસ વિશ્વાસુ બનેલા હર્ષાબા ધાંધલ તથા મેયરના વોર્ડના નીલાબેન શુક્લ તથા નરેશભાઈ પરમાર આ બેઠકમાં હાજર રહ્યા હતા. જેમાંથી હર્ષાબા અને નીલાબેને લેખિતમાં ટેકો આપ્યો હતો. મેયરના અસરકારક પ્લાનિંગની સામે સ્થાયી સમિતીના સભ્યો અને હોદ્દેદારોએ દરેક વખતે નતમસ્તક થવાનો વારો આવ્યો છે. મેયરે પિક અપ બસ સ્ટેન્ડ બનાવવા વટહુકમના શસ્ત્રનો ઉપયોગ કર્યો છે ત્યારે દર વખતની જેમ આ વખતે પણ તેઓ સફળ થાય છે કે નહીં તે જોવું રહ્યું.

૨૦ નવા કેસ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આજે ગાંધીનગરને અડીને આવેલ વાવોલ ગામેથી ૪ કેસ મળી આવ્યા છે. જેમાં ૩ કેસ મહિલા દર્દીના છે. વાવોલમાંથી ૩૪ વર્ષીય મહિલા, ૪૪ વર્ષીય મહિલા તેમજ ૬૫ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ત્રણેય મહિલા દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. આ ઉપરાંત ૭૪ વર્ષીય વૃદ્ધનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેમને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. સાદરા ગામેથી ૮૦ વર્ષીય વૃદ્ધાનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેણીનીને પણ સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરાયા છે. કુડાસણમાંથી બે નાની વયના બાળકોનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. ૧૦ વર્ષીય દિકરો અને ૧૨ વર્ષીય દિકરીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ બન્નેએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. પોર ગામેથી પણ આજે બે કેસ મળી આવ્યા છે. ૪૦ વર્ષીય ગૃહીણી અને ૩૯ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

આ બન્ને મહિલા દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. દહેગામ અર્બનમાંથી ૩૩ વર્ષીય યુવા વેપારીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. વેપારીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરાયેલ છે. નજુપુરા ગામેથી ૩૪ વર્ષીય ખાનગી નોકરીયાતનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. કલોલના છત્રાલ ગામેથી ૪૨ વર્ષીય ખાનગી નોકરીયાતનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે તેણે પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. માણસા તાલુકાના ગોવિંદપુરા ગામેથી આજે સાત કેસ મળી આવ્યા છે. જેમાંથી છ દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

જ્યારે એક વૃદ્ધાને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. ગોવિંદપુરા ગામેથી ૭૨ વર્ષીય નિવૃત્ત કર્મયોગી, ૬૪ વર્ષીય ખેડૂત, ૭૦ વર્ષીય ગૃહીણી, ૫૪ વર્ષીય ખેડૂત, ૬૪ વર્ષીય ગૃહીણી, ૭૨ વર્ષીય ખેડૂત, ૫૬ વર્ષીય ખેડૂતનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેમણે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. આજ ગામેથી ૭૩ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેણીનીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. જિલ્લામાં રિકવરી રેટ સારો હોવાનો દાવો કરતાં તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે આજે ૧૭ દર્દીઓ રિકવર થતાં તેમને ડિચાર્જ આપવામાં આવ્યુ છે. જિલ્લામાં અત્યાર સુધીમાં ૨૨૮૭ દર્દીઓ કોરોનામુક્ત થયા છે. જિલ્લામાં આજે ૧૬૦ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જિલ્લામાં આજે ૧૪,૫૭૯ લોકોને ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે.

ફ્રીમાં અનાજ...

● અનુસંધાન પહેલાનું ચાલુ

અને ૩ કરોડ ગરીબ સીનિયર સિટીઝન, વિધવા અને દિવ્યાંગોને કેશ ટ્રાન્સફર સ્કીમને પણ સામેલ કરી શકે છે. આ કેશ ટ્રાન્સફર સ્કીમ પણ હિસ્સો છે. રિપોર્ટ મુજબ, સરકાર ટૂંક સમયમાં આ પેકેજને લાવી શકે છે અને સરકારને આ પેકેજના રાજકીય પરિણામ પણ મળી શકે છે. બિહાર ચૂંટણી પહેલા આ પેકેજ જાહેર થઈ શકે છે. આ ઉપરાંત ગુજરાત, ઉત્તર પ્રદેશ, મધ્ય પ્રદેશ સહિત ૧૧ અન્ય રાજ્યોમાં પેટાચૂંટણી યોજાઈ રહી છે.

એલર્ટ...

● અનુસંધાન પહેલાનું ચાલુ

સુધી રહેશે. પોલીસે આખા શહેરમાં કલમ ૧૪૪ લગાવી છે અને ભીડ ભેગી કરવા પર રોક લગાવવામાં આવી છે. ગુપ્તચર એજન્સીથી હાઈએલર્ટ મળ્યા પછી પોલીસે પણ સતેજ બની છે. આશંકા છે કે આતંકીઓના નિશાના પર સાર્વજનિક સંપત્તિ પણ હોઈ શકે છે.

ગુપ્તચર વિભાગને એક પત્ર મળ્યા પછી આ વિસ્તારમાં ઉડતી તમામ વસ્તુઓમાં પ્રતિબંધ મૂકવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આદેશ મુજબ આવનારા ૩૦ દિવસ સુધી આ રહેશે. કહેવામાં આવ્યું છે કે આ આદેશનો અનાદર કરનારને આઈપીસી ૧૮૬૦ની ધારા ૧૮૮ હેઠળ દંડનીય કાર્યવાહી કરવામાં આવશે. જો કે ચેતવણી જાહેર કરવાની સાથે જ પોલીસે કહ્યુ કે લોકોને આનાથી ડરવાની જરૂર નથી પણ ડીસીપી ચેતન્યએ લોકોને અપીલ કરી છે તે જાગૃત રહે. અને કોઈ પણ પ્રકારની સંદેહાત્મક વસ્તુને જોતા કે એ અંગે જાણકારી મળતા પોલીસને જણાવે. નોંધનીય છે કે મુંબઈમાં આ પહેલા પણ અનેક આતંકી હુમલાનો ભોગ બની ચૂક્યું છે. ત્યારે એક તરફ જ્યાં કોરોના કાળમાં મુંબઈમાં કોવિડના નંબર હજી કાબુમાં નથી આવ્યા ત્યાં જ આતંકી હુમલાની દહેશત પણ ઊભી છે. આ પહેલા ૨૬/૧૧ હુમલો જે વર્ષ ૨૦૦૮માં થયો હતો તેણે પૂરી મુંબઈને હચમચાવી મૂક્યું હતું. ત્યારે ફરી એક વાર ગુપ્તચર વિભાગ દ્વારા આતંકી હુમલાની સંભાવના સામે આવતા તંત્ર સાબદુ થયું છે.

અનલોક-૫

● અનુસંધાન પહેલાનું ચાલુ

રાજેશ ભૂષણે કહ્યું કે, "કોરોનાના ૭૮ ટકા એક્ટિવ કેસ ૧૦ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોથી છે. છેલ્લા ૨૪ કલાકમાં ૫૮ ટકા નવા મોત ૫ રાજ્યો (મહારાષ્ટ્ર, પશ્ચિમ બંગાળ, દિલ્હી, છત્તીસગઢ અને કર્ણાટક)માં નોંધાયા છે." તેમણે કહ્યું કે, તહેવારો દરમિયાન કેરળ, પશ્ચિમ બંગાળ, મહારાષ